અમરેલીમાં વાવાઝોડા સાથે વરસાદ: રાજુલામાં ટાવર અને વીજ પોલ ધરાશાયી

અમરેલી તાલુકામાં ભારે વરસાદની આગાહી

રાજકોટ : સાવરકુંડલાના વીજપડી ગામમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વીજપડી આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ પડતા લોકોને ગરમીમાંથી રાહત મળી છે. અમરેલીના જાફરાબાદ તાલુકાના દુધાળા ગામમાં પણ પવન સાથે વરસાદ વરસ્યો હતો. દુધાળા સહીત આસ્પાસના ગામડામાં ધોધમાર વરસાદનું ઝાપટું પડ્યું હતું. રાજુલા અને સાવરકુંડલા પંથકમાં પણ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. રાજુલાના મોટા આગરીયા, માંડરડી સહીત આસપાસના ગામડામાં ભારે પવન સાથે વરસાદ વરસ્ય હતો. રાજુલા શહેરમાં પણ વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. તો અનેક જગ્યાએ વીજ પૂરવઠો ખોરવાયો હતો. સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ શરૂ હતો. વીજપડી ઘાંડલા રામગઢ લુવારા આસપાસ મોટાભાગના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. આજે વહેલી સવારે ધોધમાર બેટિંગ કરીને મેઘરાજાએ વિરામ લીધો હતો. જેના લીધે બપોરે જમીનમાંથી બાફ નીકળતાં અસહ્ય બફારાના કારણે અમરેલીવાસીઓ સેંકાયા હતા. જોકે ફરીથી આકાશમાં કાળા ડિબાંગ વાદળો સાતે મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે. જાફરાબાદ તાલુકાના સરોવડા, બારપટોળી સહિતના ગામમાં વરસાદ પડ્યો છે. રાજુલામાં સાઈબાબા મંદિર નજીક આવેલ સરકારી શાળાનો વાઈફાઈ ટાવર ધરાશયી થતાં નીચે કેટલાક જૂના મકાનોમાં નળિયા તૂટયા હતા. બીજી તરફ રાજુલા બાયપાસ નજીક વીજ પોલ પડતા રસ્તો બંધ થઈ ગયો હતો. જોકે, પીજીવીસીએલ ટીમે ઘટનાસ્થળે પોંહચી વીજ પોલ હટાવીને રસ્તો પૂર્વરત કરાવ્યો છે.

મહુવામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ

રાજકોટ : મહુવાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસવાની શરૂઆત થઈ છે. તાલુકાના મોટી વડાળ નજીક હળવા પવન સાથે વરસાદી માહોલ જામ્યો હતો. સારા વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. સારા વરસાદના પગલે રોડ રસ્તા પર વરસાદી પાણી વહેતા થયા હતા. ખેતરમાં પણ વરસાદી પાણી ભરાઈ જવાના દૃશ્યો સર્જાયા હતા. આવી જ રીતે સારો વરસાદ પડશે તો વાવણી લાયક વરસાદ ગણવામાં આવશે.

જમીનમાંથી 45 કિલો સોનું નીકળશે તેવી લાલચ આપી તાંત્રિકનું રાજકોટની પરિણીતા સાથે દુષ્કર્મ

છ વખત ભોગવ્યા પછી ફોન બંધ કરી દેતાં પરિણીતાની ફરિયાદના આધારે પોલીસે જયપુરના તાંત્રિકની ધરપકડ કરી

રાજકોટઃ રાજકોટમાં રહેતા નણંદ-ભોજાઈને તાંત્રિક વિધિથી 45 કિલો સોનું અને 15 કરોડ રૂપિયા રોકડા આપવાની લાલચ આપીને ભોજાઈ પર તાંત્રિકે એક વખત દુષ્કર્મ અને સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કર્યાની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. આ ગુનામાં પોલીસે મૂળ જયપુરના અને છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રના અલગ-અલગ શહેરમાં તાંત્રિક વિધિના નામે છેતરપિંડી આચરતા શખ્સને કોડીનાર પાસેથી આરોપી ભૂષણપ્રસાદ રાજદેવપ્રસાદ સૈની (ઉ.વ.57)ને ઝડપી લઈ તેને રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવા તજવીજ શરૂ કરી છે.

રાજકોટમાં રહેતી મહિલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, માંગરોળમાં રહેતા કુટુંબીજનના માધ્યમથી એક તાંત્રિકનો પરિચય થયો હતો. કુટુંબીજને એવી વાત કરી હતી કે, આ તાંત્રિક ઘરમાં જમીનની નીચે રહેલી કિંમતી ચીજવસ્તુઓ અને ઝવેરાત હોય તો તે કાઢી આપે છે. દરમિયાન મે મહિનામાં આ તાંત્રિક રાજકોટ આવ્યા ત્યારે ફરિયાદી મહિલાના સાસુને આ વાતની જાણ થઈ હતી અને તાંત્રિકને મહિલા પોતાના ઘરે લઈ આવ્યા હતા. ઘરમાં આંટો માર્યા બાદ એક જગ્યા પર રૂમમાં ઊભા રહીને 'ઈસકે અંદર સે 45 કિલો સોના નીકલેગા'ની વાત કરી હતી અને મહિલાને લીંબુ લઈ આવવાનું કહી થોડી વિધિ કરી હતી. આ સમયે મહિલાના નણંદ પણ ત્યાં હાજર હતા. તેઓને પણ 'હું તમને 15 કરોડ રૂપિયા બનાવી આપીશ' કહીને તેમની પાસેથી રૂ.70,000 ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા અને ફરિયાદી મહિલાને સોનું કાઢી આપવાની લાલચ આપી 36 હજાર રૂપિયા રોકડા લઈ લીધા બાદ તાંત્રિક ચાલ્યો ગયો હતો.

બે દિવસ બાદ તાંત્રિક ફરી મહિલાના ઘરે આવ્યો હતો અને મહિલાના પતિ-સાસુ અને નણંદને રૂમની બહાર રાખ્યા હતા અને મહિલાને અંદર લઈ જઈ નિર્વસ્ત્ર કરી શારીરિક છેડછાડ કરી હતી અને એવું કહ્યું હતું કે, 'અભી શક્તિ નહીં મિલ રહી હે' કહી જતો રહ્યો હતો. ત્રણ દિવસ બાદ ફરી તાંત્રિક મહિલાને ઘરે આવ્યો હતો અને લગભગ છ વખત આ સિલસિલો ચાલુ રહ્યો હતો. ત્યાર બાદ જુદી જુદી વિધિની વાતો કરતો રહ્યો હતો અને અચાનક જ તેણે ફોન બંધ કરી દીધો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

ભાવનગરમાં એરપોર્ટની દીવાલ પાછળ જુગાર રમતા 14 શખ્સ ઝડપાયા

પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂપિયા 57 હજાર કબજે લીધા

રાજકોટ : ભાવનગર શહેરના ઘોઘા રોડ પોલીસે સ્ટેશન વિસ્તારમાં આવેલા બાપુનગરથી એરપોર્ટની દીવાલ પાછળ અમુક ઈસમો જુગાર રમે છે, તેવી બાતમી ડીવાયએસપીને મળતા તે જગ્યાએ પોલીસે રેડ કરી હતી. જે દરમિયાન 14 શખ્સોને પોલીસે રોકડ રકમ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર ડીવાયએસપીને બાતમી મળી હતી કે, શહેરના ઘોઘા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ બાપુનગરથી એરપોર્ટની દિવાલ પાછળ અમુક શખ્સો જુગાર રમે અને રમાડે છે જે જગ્યાએ પોલીસે રેડ કરતા જુગાર રમતા 14 શખ્સોને રોકડ રકમ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઝડપાયેલા શખ્સોમાં વિજય જયંતિભાઈ મકવાણા, સાગર મનસુખભાઈ કંટારીયા, નિલેશ કરશનભાઈ પરમાર, માનસુર કાળુભાઈ ચુડાસમા, હરપાલસિંહ મનુભા રાણા, શૈલેષ મંગાભાઈ બારૈયા, સુરેશ ભુપતભાઈ રાઠોડ, ભાવેશ રવજીભાઈ મકવાણા, કલ્પેશ ગણેશભાઈ બાંભણિયા, ગોવિંદ ભગવાનભાઈ બારૈયા, અનિલ જીવરાજભાઈ મકવાણા, રાજેશ અંબાશંકરભાઈ જોશી, હિરેન દિનેશભાઈ કંસારા તથા ભરત શાંતિલાલ ચૌહાણ રહે.તમામ ભાવનગર વાળાઓ પાસેથી પટમાં પડેલા રોકડા રૂ.45,940, મોબાઈલ નંગ 5 જેની કિંમત રૂપિયા 11,200 તથા જુગારનું સાહિત્ય મળી કુલ રૂપિયા 57,140ની મતા સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.

સમરસ છાત્રાલયમાં નવા શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમદાવાદઃ સમરસ છાત્રાલયમાં નવા શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જેના માટે ૨૦-૦૬-૨૦૨૪ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. ગુજરાત રાજ્યના અંતરિયાળ અને છેવાડાના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વતનથી દૂર જવાનું થાય ત્યારે રહેવા અને જમવાની સગવડ સહિતની સુવિધા સાથે અમદાવાદ જેવા મોટા શહેરમાં ગુજરાત યુનિવર્સિટીની નજીકમાં જ સુંદર સુવિધાવાળા બિલ્ડિંગમાં સમરસ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે તારીખ ૨૦/૦૬/૨૦૨૪ સુધી આ (www.samras.gujarat.gov.in) લિંક ઉપર જઈને રજિસ્ટ્રેશન કરી શકાશે. સમરસ છાત્રાલયમાં મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

રાજકોટ ગેમ ઝોન સંચાલકોએ પોલીસ તથા ઉચ્ચ અધિકારીઓને ફ્રી યુઝર કાર્ડ આપ્યાં હતાં

નાની મોટી ફેમિલી પાર્ટીઓ અને પોગ્રામ થતા હતા

ગાંધીનગરઃ રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મામલે સીટ દ્વારા તેનો પ્રાથમિક અહેવાલ સરકારને સોંપવામાં આવ્યો છે. બીજી તરફ આ મામલે મળતી માહિતી મુજબ ગેમઝોન સંચાલકો દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા સ્થાનિક પોલીસને ફ્રી યુઝર કાર્ડ આપવામાં આવ્યા હતા. આ કાર્ડના આધારે ગમે તેટલીવાર ફ્રીમાં રાઈડ્સનો ઉપયોગ કરી શકાતો હતો. આમ ગેમઝોન સંચાલકોની અધિકારીઓ અને પોલીસ સાથેની સાઠગાંઠ હોવાનું બહાર આવ્યું છે.

આ મામલે મળતી માહિતી મુજબ ગેમઝોન સંચાલક દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા સ્થાનિક પોલીસ સ્ટાફને ફ્રી યુઝર કાર્ડ આપવામાં આવ્યા હતા. આ કાર્ડના આધારે તેઓ ગમે ત્યારે, ગમે તેટલીવાર પરિવાર સાથે ગેમઝોનમાં જઈ જુદી જુદી રાઈટ્સનો લાભ લઈ શકાતો હતો.

આ ઉપરાંત ગેમઝોનમાં પોલીસ તથા ઉચ્ચ અધિકારી માટે બધી સુવિધા ફ્રી હોવાથી અહીં નાની મોટી ફેમિલી પાર્ટીઓ, ફંક્શન તેમજ બર્થડે પાર્ટી પણ આયોજન થતું હતું.

ગેમઝોનમાં વિકેન્ડ દરમિયાન મનોરંજનના કાર્યક્રમો ઉપરાંત મ્યુઝીકલ પાર્ટીનું પણ આયોજન કરવામાં આવતું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

સંચાલકો દ્વારા ઉચ્ચ અધિકારીઓ અને પોલીસને ફ્રી યુઝર કાર્ડ આપવામાં આવ્યો હોવાથી પોલીસ તથા અધિકારીઓની ગેમઝોન પર મીઠી નજર રહેતી હોવાનું ખુલ્લેઆમ ચર્ચા પણ રહ્યું છે. સીટ દ્વારા આ દિશામાં પણ તપાસ થાય તેવી રાજકોટવાસીઓ માગ કરી રહ્યાં છે.

રાજ્યભરમાં શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર 13મી જૂનથી શરૂ થશે

ગાંધીનગરઃ રાજ્યભરમાં શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર આગામી ગુરૂવારને 13મી જૂનથી શરૂ થઈ જશે. રાજ્યમાં આ વખતે કાળઝાળ ગરમીને કારણે ઉનાળુ વેકેશન એક અઠવાડિયું લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ઉનાળા વેકેશનમાં કોઈ વધારો કરાયો નથી. આગામી તા 13મી જૂનથી રાજ્યમાં શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ જશે. હવે વિદ્યાર્થીઓ પણ વેકેશનના અંતિમ તબક્કામાં હોવાથી શાળા શરૂ કરવાની સંપૂર્ણ તૈયારી તેમના દ્વારા કરી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે શાળાઓમાં એનઓસીનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે જેના કારણે લાખો વિદ્યાર્થીને અસર પહોંચે તેમ છે એટલે કેટલીક અડચણ સાથે શાળાઓ શરૂ થશે.

અમદાવાદના ધારાસભ્યને જાનથી મારી નાંખવાની ધમકી

જમાલપુર કોંગ્રેસના ધારાસભ્યે મુખ્યમંત્રીને પત્ર લખી કડક કાર્યવાહી કરવા માંગ કરી

અમદાવાદઃ અમદાવાદ જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા અને તેમના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી મળતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ મામલે શહેરના ગાયકવાડ હવેલી પોલીસ મથકમાં ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બીજી તરફ ધારાસભ્યએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી કડક કાર્યવાહી કરવા માંગ કરી છે. શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલી ખાંડની શેરી પાસે રહેતા રહેતા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળાની પડોશમાં રહેતા ઈમરાન ઉર્ફે સ્ટીલ નાગોરીએ ધારાસભ્યના ભત્રીજા, ભત્રીજી, તથા ભાભીને બેફામ ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી માહિતી મુજબ મકાન બનાવવાની બાબતમાં માથાકૂટ થતાં ઈરફાન નાગોરીએ ધમકી આપતા કહ્યું હતું કે જો મારી વિરુદ્ધ ફરિયાદ કરશો તો સવાર નહીં પડવા દઉં અને સવારમાં કોઈ એકની વિકેટ પાડી દઈશ. આ ધમકી આપ્યા બાદ ઈરફાન નાગોરી ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસ મથકમાં ઈરફાન નાગોરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.બીજી તરફ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખીને રજૂઆત કરતા જણાવ્યું હતું કે, જમાલપુર વિસ્તારમાં મારા કાર્યાલયની બાજુમાં ખાંડની શેરી પાસે રહેતા ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી કે જેની વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનાહિત ઈતિહાસ નોંધાયેલો છે. અમદાવાદ મનપા દ્વારા ખાંડની શેરી ખાતેનું મકાન જર્જરિત અને ભયજનક જાહેર કરેલું હોવાથી આ મકાન ન બનાવવા અને બને તો મારા પરિવારના અન્ય સભ્યોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપે છે. જેના ભાગરૂપે ગઈકાલે રાત્રે 10-30 વાગ્યાના સુમારે મારા ભાભી સમિમ ફિરોજ ખેડાવાળા, ભત્રીજી સાથે ગાળા ગાળી કરી ઝઘડો કર્યો હતો, અને તારા કાકા ઈમરાન ખેડાવાળાને પણ જાનથી મારી નાંખીશ તેવું કહી ત્યાંથી ભાગી ગયો છે.

કીમ ચાર રસ્તા ખાતે દંપતી ઉપર હુમલો કરનારા સામે આખરે ફરિયાદ દાખલ

'તું અમારી પાસેથી પનીર કેમ લેતો નથી?' કહી દંપતીને માર માર્યો હતો

હથોડાઃ ત્રણ દિવસ પહેલા કીમ ચાર રસ્તા ખાતે ડેરી ચલાવતા દંપતી ઉપર લોખંડના સળિયા વડે કેટલાકે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી આતંક મચાવ્યો હતો. આ બાબતે સજ્જડ પુરાવા હોવા છતાં પોલીસે ફરિયાદ ન લેતાં ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. જેના ભાગરૂપે આખરે પાલોદ પોલીસે દંપતી ઉપર હુમલો કરી આતંક મચાવનારની સામે ફરિયાદ દાખલ કરી હતી.

આ ઘટનાની વિગત એવી છે કે, મૂળ રાજસ્થાનનો વતની અને કીમ ચાર રસ્તા ખાતેના આશિયાના કોમ્પ્લેક્સ ખાતે પત્ની સાથે રહી કીમ ચાર રસ્તા ખાતે ચામુંડા ડેરી ચલાવતા બુધારામ આસારામ દેવાશીની દુકાને સાયણ ખાતે રહેતા સર્વણ બિશ્નોઇ ભરવાડ સાથે ઘસી આવી બુધારામને કહ્યું હતું કે, તું અમારી પાસેથી પનીર કેમ લેતો નથી? એમ જણાવીને નાલાયક ગંદી ગાળો આપીએ ભરવાડે લોખંડના સળિયા વડે હુમલો કરતાં બુધારામે જમણો હાથ આડો કરતાં હાથમાં ઇજા થઈ હતી. ભરવાડે બુધારામની પત્નીને પણ ધક્કે ચડાવી હતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ બાબતે પાલોદ પોલીસ ચોકીમાં ફરિયાદ દાખલ કરવા લેખિત ફરિયાદ આપી સીસીટીવી કેમેરાનાં ફૂટેજ પણ પોલીસને આપ્યાં હતાં. પરંતુ બે દિવસ સુધી પોલીસે માત્ર અરજી સ્વીકારી ગાડું ગબડાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બુધારામે ફરિયાદ દાખલ કરવા મક્કમતા દાખવતાં આખરે પાલોદ પોલીસે ઘટનાની એફઆઇઆર દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડૂતો માટે ખુશીના સમાચાર, ૨૦૨૪-૨૫માં રવી પાકોની ટેકાના ભાવે ખરીદી કરશે

ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે.

ગાંધીનગરઃ કેન્દ્રમાં પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર રચાયા બાદ ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પેટલના નેતૃત્વ હેઠળ આજથી ગાંધીનગરમાં સરકાર ધમધમતી થઈ ગઈ છે. એટલું જ નહીં ખેડૂતો માટે ખુશીના સમાચાર આવ્યા છે. વર્ષ 2024-25માં સરકાર ખેડૂતો પાસેથી રવિ પાકોની ટેકાના ભાવે ખરીદી કરશે એટલું જ નહીં કેન્દ્ર સરકારને ટેકાના ભાવની ભલામણ કરશે.

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ના રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની ભલામણ કરવા ચર્ચા થઈ હતી. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવા નવતર પહેલ કરી છે. ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક ઉન્નતી તરફ આગળ વધે તેવા નેક હેતુસર વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને પાકોની ખરીદી કરવામાં આવે છે. દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈ યોગ્ય પાકોનું વાવેતર કરી શકે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે. ગુજરાતના ખેડૂતોને સર્વોત્તમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સીધા માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ના ટેકાના ભાવ નક્કી કરવા ઘઉં માટે રૂ. ૪૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા માટે રૂ. ૭૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, રાયડા માટે રૂ. ૭૨૦૦ પ્રતિ ક્વિન્ટલ અને શેરડી માટે રૂ. ૬૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવની ભારત સરકારને ભલામણ કરવામાં આવશે.

રાજ્ય કૃષિ ભાવપંચની બેઠકમાં પાકવાર ખેતી ખર્ચ, કૃષિ ઇનપુટના ભાવો બાબતે ખેડૂત પ્રતિનિધિઓ અને કૃષિ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પુખ્ત વિચારણા અને નિષ્ણાતો દ્વારા નક્કી કરાયેલા ભાવોને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઘઉં, ચણા, રાયડો અને શેરડી પાકના રાજ્ય કૃષિ ભાવપંચ દ્વારા ભાલામણ કરવાના થતા ભાવ ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવપંચને મોકલી આપવામાં આવશે.

સુડોકુ - 'કૃતિ' ૫૦૩૫

૮	૭		૧			૨		૫
૨	૫		૭	૪	૮	૯		
		૧	૨	૬			૭	૪
૪	૫				૭			૨
૫	૨		૪	૯				૬
				૨		૪		૯
	૮			૨		૬	૪	૩
૬	૪			૮	૩			
		૩				૫		૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૨	૫	૪	૩	૬	૧	૯	૮
૩	૬	૯	૧	૭	૮	૫	૪	૨
૧	૪	૬	૩	૨	૫	૭	૮	૯
૬	૧	૪	૨	૫	૩	૮	૭	૧
૯	૮	૭	૬	૧	૨	૩	૫	૪
૨	૫	૩	૭	૮	૪	૯	૧	૬
૪	૩	૧	૫	૬	૭	૨	૯	૮
૮	૯	૨	૧	૪	૩	૬	૫	૭
૫	૭	૬	૮	૯	૧	૪	૨	૩

સુડોકુ ફ્રેન્ડ્સ - ૫૦૪૨

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પથરી

મૂળાના પાન વાટી તેનો સ્વરસ 200 મીલી સવારે પીવો. જવનું પાણી દર કલાકે એક ગ્લાસ પીવું. એથી પેશબ છૂટથી આવી પથરી તૂટી નીકળી જાય છે.

શબ્દગુંફન - ૬૬૮૭

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧ પ્રકાશ, તેજ (૪)
૩ ગરીબ (૨)
૭ પરવા વિનાનું (૪)
૯ વિષ, ઝેર (૨)
૧૧ પ્રેમની લાગણી
૧૩ આલાપ, ધૂન (૨)
૧૪ જમીન અને પાણી બંને પર ચાલી શકે એવું એક પક્ષી (૩)
૧૫ આંબાની ફૂલ મંજરી (૨)
૧૬ દહીં દૂધ પરની મલાઈની પોપડી (૨)
૧૭ રોજગાર, ગુજરાન (૨)
૧૯. નાણું (૨)
૨૧ પારકું, અન્ય (૨)
૨૨ એક જાતની માછલી (૩)
૨૩ ધૂળના થરવાળી જમીન (૨)
૨૪ યોમાસામાં ઓઢવાનું સાધન (૨)
૨૫ શરીર (૨)
૨૬ ભપકો, રોફ (૩)
૨૮ પહેલવાન (૨)
૩૧ લાંબો કૂદકો (૩)
૩૨ બોલ, શબ્દ, અક્ષર (૩)
૩૪ દિલગીરી (૨)
૩૫ પાસે, સમીપ (૩)
૩૬ સરદાર, આગેવાન (૩)

ઊભી ચાવી
૧ અણગમો, ખોટ (૩)
૨. હવા, પવન (૨)
૪. સમૂહ (૩)
૫. પતિ (૪)
૬. મોટું (૨)
૮. રંગ, વર્ણ (૨)
૧૦ ખબર મોકલનાર (૫)
૧૧ વેચાણ (૩)
૧૨ લાખની સંખ્યા (૨)
૧૫. એક રૂપાળું પંખી (૨)
૧૮. જિંદગી, આવરદા (૩)
૧૯ ઉગ્ર, આકરું (૩)
૨૦ ઉપકાર (૨)
૨૩. શ્વાસ (૨)
૨૪ પૈસાની રેલમછેલ (૪)
૨૫ એક તેલી બી (૨)
૨૭ અભિમાની (૨)
૨૮ રાજી (૩)
૨૯ માળા (૨)
૩૦ આનંદ, લહેર (૨)
૩૨. દાવો, અધિકાર (૨)
૩૩. નાશ પામેલું (૨)
૩૪. ગરીબ (૨)

૭૨૩૩ - ૨૬૬૧ મ્ક્રીંક્રાઇ

આજનું પંચાંગ

તા. 11/06/2024, મંગળવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** જેઠ
તિથિ: સુદ પાંચમ : 17:28
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ : 21
નક્ષત્ર : આશ્લેષા : 23:39 સુધીમાં જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
યોગ: વ્યાઘાત **કરણ :** કૌવલ
રાશિ : કર્ક (ડ.હ.) 23:39 પછી સિંહ (મ,ટ)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 05:57 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:18
નવકારસી : 06:45
પારસી વર્ષ : 1393, બહમન માસનો પ્રથમ રોજ
મુસલમાન વર્ષ : 1445, જીલ્હેજ માસનો 04થો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, શુભ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે : 15:00 થી 16:30 સુધી

મેષ (અ.લ.ઇ.): સ્વભાવ ઉગ્ર બને. અડોશ-પડોશ સાથે વ્યવહારમાં ધ્યાન રાખવું. ઘરનાં કામમાં સાથ મળે.
વૃષભ (બ.વ.ઉ.): નોકરીમાં યશ મળે. નવા વિચારો નવી દિશા પેદા કરે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.
મિથુન (ક.છ.ઘ.): આવકનાં નવાં સાધનો ઊભાં કરવાની તક મળે. વાણી અને વ્યવહારથી સફળતા મળે.
કર્ક (ડ.હ.): સ્વભાવ સાહસિક બને. નવા કામમાં મદદ મળે. આવકમાં વધારો થાય. આરોગ્ય સુધરે. મન શાંત રહે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ.ટ.): ઘરમાં અવર જવર વધે. આળસના કારણે કામમાં વિલંબ થાય. કોઈ જોખમ ઉઠાવવું નહીં. ખર્ચા વધશે.
કન્યા (પ.ઠ.ણ.): અચાનક મિત્રોની મદદ મળવાથી આવક વધારવાના રસ્તા ખૂલે. નવા રોકાણમાં સલાહ મળે.
તુલા (ર.ત.): નોકરીમાં નવા ફેરફારથી રાહત થાય. ધંધામાં આવક વધે. ઉપરીવર્ગનો સાથ મળે.
વૃશ્ચિક (ન.ય.): ભાગ્યના સાથનો અનુભવ થાય. ઉઘરાણી આવે. શુભ સમાચાર મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય.
ધન (ભ.ધ.ફ.ઢ.): ધર્મ-કર્મમાં મનને શાંતિ મળે. બીજાને સલાહ આપવાનું ટાળવું. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો.
મકર (ખ.જ.): કોઈ પણ કામમાં ઉતાવળ કરવી નહીં. નવા કામમાં મદદ મળે. સામાજિક પ્રતિષ્ઠા વધે.
કુંભ (ગ.સ.શ.ષ.): પોતાની કિંમતી વસ્તુનુ ધ્યાન રાખવું. હસી-મજાકથી દ